RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 39 *Date: 28.11.2024,Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ગુજરાતમાં ૨૪ કલાકમાં દુષ્કર્મની ૪ ઘટના બની, મહિલા સુરક્ષાની વાતો વચ્ચે હવસખોરો બેફામ



મહિલાઓ અને દીકરીઓ માટે કથિત રીતે સુરક્ષિત કહેવાતા ગુજરાતમાં એક જ દિવસમાં દુષ્કર્મની ચાર ઘટનાઓ સામે આવી છે. ગુજરાતમાં એક જ દિવસમાં અમદાવાદ, અમરેલી અને ભાવનગરથી દુષ્કર્મની ઘટના સામે આવી છે. જેમાંથી એક ઘટના અમરેલીના વડીયામાંથી, બીજી ઘટના અમદાવાદના વાસણા, ત્રીજી ઘટના અમદાવાદના સાબરમતી વિસ્તાર અને ચોથી ઘટના ભાવનગરના વરતેજ ગામની છે. જેમાં એક યુવતી, બે સગીરા અને એક માસુમ બાળકી નરાધમોનો ભોગ બની છે.અમરેલીમાના વડીયામાં ૨૧ વર્ષની યુવતી સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. વડીયાના કુકાવાવ ગામમાં ૨૧ વર્ષની યુવતીને લગ્નની લાલચ આપી ચાર વ્યક્તિઓ દ્વારા સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. સમગ્ર ઘટના વિશે યુવતીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે બળાત્કારનો ગુનો નોંધી આરોપીઓને શોધવાની તજવીજ હાથ ધરી છે. પોલીસે પ્રિતેશ આસોદરીયા, દકુ વેકરીયા, અનિલ દેસાઈ અને સોમા આલાણી સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદના વાસણા વિસ્તારમાં ૧૨ વર્ષની સગીરા સાથે દુષ્કર્મની ઘટના સામે આવી છે. આરોપીએ સગીરાની માતા સાથે મિત્રતા કરી હતી. મૈત્રી સંબંધના રૂપે તે અવાર-નવાર ઘરે પણ આવતો હતો. આ દરમિયાન તેની નજર પોતાની મિત્રની ૧૨ વર્ષની બાળકી પર બગડી. સગીરા એકલી હોવાની જાણ થતાં આરોપીએ સગીરા પર દુષ્કર્મ આચર્યું હતું. જોકે, સગીરાએ આ બાબતે પિતાને જાણ કરતા સમગ્ર મામલો ઉઘાડો પડ્યો હતો. સગીરાના પિતાએ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો છે. પોલીસે આરોપીની તાત્કાલિક ધોરણે ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. બીજીબાજુ અમદાવાદના સાબરમતી વિસ્તારમાંથી પણ દુષ્કર્મની ઘટના સામે આવી હતી. જ્યાં પાડોશી યુવકે ૧૪ વર્ષની સગીરા પર દુષ્કર્મ આચર્યું હતું. આરોપીએ સગીરાને રસોઈના બહાને ઘરે બોલાવી તેના પર દુષ્કર્મ ગુજાર્યું હતું. આરોપી એટલેથી ન અટકતા સગીરાની બદનામી કરી તેની બહેનને પણ મારી નાંખવાની ધમકી આપી હતી. સમગ્ર મામલે પરિવારે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે દુષ્કર્મનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી લીધી છે. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.ભાવનગરના વરતેજ વિસ્તારમાં બાળકી પર દુષ્કર્મની ઘટના સામે આવી છે. પાડોશમાં રહેતા ૨૧ વર્ષીય યુવકે ચારથી પાંચ વર્ષની બાળકીને ચોકલેટની લાલચ આપી બોલાવી તેના પર દુષ્કર્મ આચર્યું હતું.

## ભારતનું આ ચમત્કારી મંદિર જ્યાં ઘી કે તેલ નહીં પણ પાણીથી પ્રજ્જવલિત થાય છે દીવો!





ભારતમાં ઘણા પ્રાચીન અને રહસ્યમયી મંદિર છે. જેના કારણે ભારતને મંદિરોનો દેશ પણ કહેવામાં આવે છે. આ મંદિરોમાં ઘટનારી રહસ્યમયી ઘટનાઓની ગુત્થી આજ સુધી કોઈ પણ ઉકેલી શક્યા નથી પરંતુ આ અનોખા રહસ્યોના કારણે આ મંદિર વિશ્વભરમાં પ્રસિદ્ધ છે અને અહીં દેશ-વિદેશથી લોકો દર્શન કરવા માટે આવતાં રહે છે. આવું જ એક ચમત્કારી અને રહસ્યમયી મંદિર છે જ્યાં વર્ષોથી માત્ર પાણીથી જ દીવો પ્રગટાવવામાં આવે છે. તમારા મનમાં પણ એ સવાલ ઉઠી રહ્યો હશે કે કેવી રીતે શક્ય હોઈ શકે છે પરંતુ એવું થાય છે અને આ ચમત્કારી ઘટનાને જોવા માટે દરરોજ ઘણા ભક્ત આ મંદિરમાં આવે છે.આ મંદિરમાં વર્ષોથી એક મહાજ્યોત પાણીથી પ્રજ્જવલિત થઈ રહી છે. આ માતાની સામે પ્રગટાવેલો દીવો કોઈ તેલ, ઘી કે ઈંધણ વિના પ્રગટી રહ્યો છે. ચોંકાવનારી વાત તો એ છે કે આ દીવો મંદિરની નજીક વહેનારી કાલીસિંઘ નદીના પાણીથી પ્રગટે છે. આ મંદિરમાં મૂકેલા દીવામાં જ્યારે પાણી નાખવામાં આવે છે તો તે ચીકણા તરલ પદાર્થમાં બદલાઈ જાય છે અને દીવો પ્રગટે છે. કહેવાય છે કે પહેલા આ મંદિરનો દીવો અન્ય મંદિરોની જેમ તેલ અને ઘી થી પ્રગટાવવામાં આવતો હતો પરંતુ માતાજીએ પૂજારીને સ્વપ્નમાં દર્શન આપ્યા અને નદીના પાણીના દીવો પ્રગટાવવાનો આદેશ આપ્યો.

## નેતન્યાહૂ યુદ્ધવિરામ માટે કેમ રાજી થયા, શું હથિયાર ખૂટ્યાં કે પછી... ઈરાનને ફસાવવાનો છે પ્લાન?



ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે એક વર્ષથી ચાલી રહેલા યુદ્ધ પર હવે વિરામ મુકાયો છે. બંને પક્ષો ૬૦ દિવસના યુદ્ધવિરામ પર સંમત થયા છે. આ યુદ્ધવિરામ આજથી શરૂ થઈ ગયો છે. પરંતુ, હવે સવાલ થઈ રહ્યો છે કે, મહિનાઓથી ચાલી રહેલાં આ યુદ્ધવિરામના પ્રયાસ પર આખરે નેતન્યાહૂ સંમત કેવી રીતે થઈ ગયાં? ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની સુરક્ષા કેબિનેટે લેબેનોનના કટ્ટરવાદી સંગઠન હિઝબુલ્લાહ સાથે યુદ્ધવિરામને મંજૂરી આપી દીધી છે. કેબિનેટે અમેરિકાની મધ્યસ્થતાથી તૈયાર કરવામાં આવેલા યુદ્ધવિરામની યોજનાને દસ મતોથી લીલી ઝંડી આપી હતી. જોકે, આ પહેલાં નેતન્યાહૂએ દેશનું સંબોધન કર્યું હતું. પોતાના સંબોધનમાં નેતન્યાહૂએ કહ્યું કે, હિઝબુલ્લાહ સાથે ઈઝરાયલ તરફથી ૬૦ દિવસના યુદ્ધવિરામ પર સંમતિ આપવામાં આવી છે. તેને આગળ વધારવામાં આવશે કે નહીં તેના વિશે હજુ સુધી કંઈ નક્કી નથી કરવામાં આવ્યું. હાલ આ અસ્થાઈ યુદ્ધવિરામ છે.વડાપ્રધાન નેતન્યાહૂએ કહ્યું કે, હિઝબુલ્લાહ સાથે યુદ્ધવિરામ હાલના સમયની જરૂરત છે. કારણકે, ઈઝરાયલની સેના હાલ ઈરાન તરફથી આવી રહેલા ચેલેન્જ પર ફોકસ કરવા ઈચ્છે છે. બીજુ કારણ છે કે, ઈઝરાયલની સેનાના હથિયાર સ્ટૉકને ફરી તંદુરસ્ત કરવાની જરૂરત છે. નેતન્યાહૂએ કહ્યું કે, તેમાં સંતાડવા જેવી કોઈ વાત નથી કે, હથિયાર અને વિસ્ફોટકોની ડિલિવરીમાં ખૂબ જ મોડુ થઈ રહ્યું હતું. આપણે હજુ વધારે અદ્યતન શસ્ત્રો પૂરા પાડવાના છે, જેથી અમારા સૈનિકો સુરક્ષિત રહે અને આપણે બમણી તાકાતથી વળતો પ્રહાર કરી શકીએ.ત્રીજુ કારણ જણાવતા નેતન્યાહૂએ કહ્યું કે, હિઝબુલ્લાહ સાથે યુદ્ધવિરામ એક પ્રકારે હમાસમાં ભાગલા પાડવાની યુક્તિ પણ છે. હમાસ શરૂઆતથી જ હિઝબુલ્લાહ પર નિર્ભર હતું. તે જંગમાં હિઝબુલ્લાહની મદદ લઈ રહ્યુ હતું. હવે હિઝબુલ્લાહ સાથે યુદ્ધવિરામ બાદ તે વિખૂટું પડી જશે. એવામાં જો હિઝબુલ્લાહ યુદ્ધવિરામના નિયમોનું ઉલ્લંઘન કરી હમાસની મદદ કરે છે તો ઈઝાયલ પણ જવાબી કાર્યવાહી કરશે.યુદ્ધવિરામ કરાર હેઠળ ઈઝરાયલ સૈનિકોને દક્ષિણ લેબેનોનથી પરત ફરવું પડશે અને લેબેનોનની સેનાને આ વિસ્તારમાં તૈનાત કરવાનું રહેશે. આ સાથે જ હિઝબુલ્લાહ લિટાની નદીની દક્ષિણ સીમા પર પોતાની સશસ્ત્ર હાજરી પણ ખતમ કરી દેશે.

## સુરતમાં કિન્નર અને કિશનના સંબંધનો આવ્યો કરૂણ અંજામ, વાત વણસતા યુવકે સંજનાની કરી હત્યા

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી હોય તેવું લાગી રહ્યું છે, ત્યારે સુરતમાં ત્રણ દિવસમાં ચોથી હત્યાની ઘટના સામે આવી છે. જેમાં સલાબતપુરાના ઉમરવાડા વિસ્તારમાં આવેલા ટેનામેન્ટમાં કિન્નર અને યુવક વચ્ચે થયેલી બબાલ બાદ કિન્નરની હત્યા કરવામાં આવી હોવાની જાણકારી મળી છે. સમગ્ર મામલે પોલીસે હત્યાનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.મળતી માહિતી પ્રમાણે, સુરતના ઉમરવાડા વિસ્તારમાં રહેતા સંજના (ઉ.વ. ૪૯) નામના કિન્નરની કિશન નામના યુવક સાથે અણબનાવના કારણે બબાબ થઈ હતી. જેમાં કિશને સંજનાને ચપ્પુના ઘા મારી હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. કિશનને કિન્નર સંજના સાથે સંબંધો હતો. કેટલાક દિવસોથી કિન્નર કિશનના ઘરે રહેવા આવી ગયો હતો. જેમાં બંને વચ્ચે અણબનાવના કારણે ઝઘડો થયો હતો.

ડીસીપી ભગીરથ ગઢવીએ કહ્યું કે, સલાબતપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ઉમરવાડા ટેનામેન્ટમાં હત્યાનો બનાવ બન્યો છે. કિશનના સંબંધો કિન્નર સાથે હતાં. સંજના તેના ઘરે જ રહેતી હતી. બંને વચ્ચે અણબનાવને લઈને ઝઘડો થયો હતો. જેમાં કિશને તિક્ષણ હથિયારના ઘા ઝીકીને હત્યા કરી હતી. સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.

## મહારાષ્ટ્રમાં સરકાર બને એ પહેલાં મહાયુતિ સામે પડકાર, મરાઠા આંદોલનકારીની મોટી જાહેરાત





મહારાષ્ટ્રમાં હાલ સરકારની રચના મુદ્દે રસાકસીનો માહોલ જોવા મળ્યો છે. ભાજપ અને એકનાથ શિંદેની શિવસેના વચ્ચે મુખ્યમંત્રીના પદ વચ્ચે ચાલી રહેલા વિવાદના કારણે સરકારનું ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યુ નથી. બીજી તરફ મરાઠા અનામત મામલે આંદોલન કરવાની તૈયારી બતાવી રહ્યું છે. જેથી નવી સરકાર સત્તામાં આવ્યા બાદ આ પડકારનો સામનો કરવો પડી શકે છે. ચૂંટણીમાં મરાઠા અનામત આંદોલનની કોઈ ખાસ અસર જોવા મળી ન હતી. પરંતુ સત્તાધારી પક્ષની પ્રચંડ જીત બાદ ફરીથી આંદોલન છેડાઈ શકે તેવા અહેવાલો મળ્યા છે. મરાઠા અનામતની માગ કરતાં મનોજ જારાંગે પાટિલે નવેસરથી આંદોલન કરવાનો નિર્ણય લીધો છે. તેમણે નિવેદન આપ્યું હતું કે, તે હવે સામૂહિક ધોરણે ભૂખ હડતાળ કરશે. જાલના પોતાના ગામ અતંરવાલીમાં મનોજ જારાંગે પાટિલે જાહેરાત કરી છે કે, બીડ જિલ્લામાં આ ભૂખ હડતાળનું આયોજન થશે. મનોજ પાટિલે સમર્થકોને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે, હવે ચૂંટણી પૂર્ણ થઈ છે. આપણે વિચારવું જોઈએ કે, આપણા સમાજ અને બાળકોનું ભવિષ્ય શું છે? આથી આપણે હવે ફરી અનામતની માગ કરવી જોઈએ. તમામ મરાઠાઓએ પોતાના બાળકોના ભવિષ્ય માટે વિચારવુ જોઈએ. તમામે એકજૂટ થઈ આમરણ ઉપવાસની તૈયારી કરો. નવી સરકારની રચના બાદ સામૂહિક ભૂખ હડતાળની જાહેરાત કરીશ અને તેની તારીખ પણ જણાવીશ.ચૂંટણી પરિણામો અંગે મનોડ જરાંગે પાટિલે કહ્યું કે, મેં પહેલાં પણ કહ્યું હતું કે, તમે જેને મત આપવા માગતા હોવ તેને આપો. પરંતુ મારો સમાજ મારી સાથે છે. મેં મારી ભૂમિકામાં કોઈ ફેરફાર કર્યો નથી. આપણે ધ્યાન રાખવુ પડશે કે, મરાઠાઓને ખોટા વચનો આપવામાં ન આવે. સત્તામાં ભલે તેઓ પરત ફર્યા છે, પરંતુ અમે ફરી ભૂખ હડતાળ કરીશું. સરકાર પાસે જેટલી તાકાત છે, તે તેનો ઉપયોગ કરી મરાઠા સમાજ માટે કામ કરે.

## જિલ્લાફેર બદલી કેમ્પ યોજાયો હતો:જિલ્લાફેર બદલીથી આવેલા ૮૦ પ્રા. શિક્ષક હાજર થવા માટે ચાતક બન્યા

જિલ્લાફેર બદલીથી હાજર થવા આવેલા ૮૦ જેટલા શિક્ષકો માટે બેસવાથી લઈને કોઈ જ વ્યવસ્થા કરવામાં નહી આવતા શિક્ષકોને ચાતક બનવાની ફરજ પડી હતી. આથી શિક્ષકોના અમુક સગાઓમાં નારાજગી થતાં હાજર કરવાની કામગીરી ઝડપી કરવાની માંગણી કરી હતી. જિલ્લાની પ્રાથમિક શાળામાં શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા માટે તાજેતરમાં જ જિલ્લાફેર બદલીનો ઓફલાઈન કેમ્પ સિનિયોરીટી અને અગ્રતાક્રમે એમ બે રીતે કેમ્પ કરવામાં આવ્યો હતો.

રાજયના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળાના શિક્ષકોને જિલ્લાફેર બદલીનો લાભ આપવામાં આવે છે. તેમાં અલગ અલગ કારણોસર જિલ્લાફેર બદલીની સાથે સાથે સિનિયોરીટી મુજબ જિલ્લાફેર બદલીનો લાભ પ્રાથમિક શિક્ષકોને આપવામાં આવે છે. જોકે સમગ્ર રાજયમાં જિલ્લાફેર ઓફલાઈન શિક્ષકોની બદલી કેમ્પમાં એકસૂત્રતા જળવાય તે માટે એક જ દિવસે રાખવામાં આવ્યો હતો. તેમાં પ્રથમ દિવસે લોઅર પ્રાયમરી ધોરણ-૧થી પના શિક્ષકો અને બીજા દિવસે ધોરણ-૬થી ૮ના શિક્ષકોનો જિલ્લાફેર ઓફલાઈન કેમ્પ યોજવામાં આવ્યો હતો. તેમાં અન્ય જિલ્લાઓમાંથી અંદાજે ૮૦ જેટલા શિક્ષકોએ જિલ્લાફેર બદલીનો લાભ લઈને ગાંધીનગર જિલ્લામાં બદલી કરાવી હતી. જિલ્લાફેર બદલી કરાયેલા શિક્ષકોને તારીખ ૨૬મી, નવેમ્બરના રોજ જિલ્લામાં હાજર થવાનો આદેશ કરવામાં આવ્યો હતો. આથી જિલ્લાફેર બદલી કરીને જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં હાજર થવા માટે સવારે ૧૦-૩૦ કલાકે શિક્ષકોને બોલવવામાં આવ્યા હતા.

## તંત્રી સ્થાનેથી..

## ઓર્ગેનિક કોટન અને ટકાઉ ટેક્સટાઈલ્સમાં અભૂતપૂર્વ તકો

દેશની કોટન ઈન્ડસ્ટ્રીઝ વૈશ્વિક સ્તરે વ્યાપ વધારવા આગળ વધી રહી છે સાથે-સાથે અનેક પડકારોનો પણ સામનો કરી રહી છે. આ સમયે અનેક કંપનીઓ ઓર્ગેનિક, કાર્બન-ન્યૂટ્રલ ઉત્પાદન પ્રથાઓ તરફ ડાયવર્ટ થવા લાગી છે અને ટેક્નોલોજીમાં રોકાણને વેગ આપી ઉચ્ચ ગુણવત્તા યુક્ત ઉત્પાદનને પ્રાધાન્ય આપી રહી છે. ઈન્ડસ્ટ્રીઝમાં ટેક્નોલોજી અપગ્રેડેશનના કારણે ઈન્ડસ્ટ્રીઝને સારો ફાયદો મળી રહ્યો હોવાનું અક્ષિતા કોટનના એમડી કુશલ પટેલે જણાવ્યું હતું. વધુમાં તેઓએ ઉમેર્યું કે દેશના કોટન ઈન્ડસ્ટ્રીઝ ગુજરાત મહત્વનું સ્થાન ધરાવે છે. કંપની ઈકો-ફ્રેન્ડલી કામગીરી અને ગુણવત્તા નિયંત્રણ પર ભાર મૂક્યો હોવાથી સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય બંને બજારોમાં એક વિશ્વસનીય નામ તરીકે સ્થાપિત થઈ શકી છે.મહત્વના બજારો કયા છે? મજબૂત વૈશ્વિક ઉપસ્થિતી સ્થાપી છે જેમાં બાંગ્લાદેશ, વિયેતનામ, ચીન, ઈન્ડોનેશિયા અને થાઈલેન્ડ સહિતના મહત્વના આંતરરાષ્ટ્રીય બજારોમાં ઉચ્ચ ગુણવત્તાના કપાસની નિકાસ કરે છે. સક્ષમ સપ્લાય ચેઈન અને ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક દ્વારા યુરોપ, મધ્ય પૂર્વ તથા એશિયામાં પણ ક્લાયન્ટ્સને સેવાઓ આપે છે. તેનું મજબૂત નેટવર્ક સમયસર ડિલિવરી તથા સ્પર્ધાત્મક ભાવો સુનિશ્ચિત કરે છે.માંગની બદલાતી સ્થિતિઓ સાથે બજાર કેવી રીતે આકાર લઈ રહ્યું છે? વૈશ્વિક કપાસ બજારમાં બદલાતી વેપાર નીતિઓ, ટકાઉ કપાસ માટેની વધતી માંગ અને ટેક્નોલોજીકલ સુધારાના લીધે પરિવર્તનો જોવાઈ રહ્યા છે. ગ્રાહકો વધુને વધુ ઈકો-ફ્રેન્ડલી થતા નૈતિક રીતે મેળવાયેલા કપાસને પ્રાથમિકતા આપી રહ્યા છે જેનાથી ઉદ્યોગ ઓર્ગેનિક તથા કાર્બન-ન્યૂટ્રલ ઉત્પાદન પ્રથાઓ તરફ વળી રહ્યો છે. ટકાઉ ખેત પદ્ધતિઓ, ૈંજી અને મ્ઝ્રૈં જેવા આંતરરાષ્ટ્રીય ધોરણોના અનુપાલન તથા ઊર્જાસક્ષમ ટેક્નોલોજીમાં રોકાણો અપનાવવા માટે સારી સ્થિતિમાં છે.

# ગાંધીનગર ખાતે રમત-ગમત રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને ખેલપ્રતિભા પુરસ્કાર અર્પણ કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર ખાતે રમત-ગમત રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને ગુજરાતના પ્રતિભાશાળી ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે “ખેલ પ્રતિભા પુરસ્કાર અર્પણ” કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાએ તથા શાળાકીય અને ખેલો ઈન્ડિયા જેવી વિશિષ્ટ સ્પર્ધાઓમાં વિજેતા બનેલા ગુજરાતના કુલ ૫૬ પ્રતિભાવાન ખેલાડીઓને કુલ રૂ. ૧.૮૮ કરોડથી વધુના રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્વિમિંગ સ્પર્ધામાં એક ગોલ્ડ અને ત્રણ સિલ્વર મેડલ હાંસલ કરનાર શ્રી આર્યન નહેરાને સૌથી વધુ એક કરોડ રૂપિયાનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.રમત-ગમત મંત્રી શ્રી હર્ષ સંઘવીએ સૌ વિજેતા ખેલાડીઓ અને તેમના પરિવારજનોને શુભકામનાઓ પાઠવ્યા હતા. તેમણે એક સાચા ખેલાડીની પરિભાષા સમજાવતા કહ્યું હતું કે, રાજ્ય કક્ષાએ મેડલ મેળવ્યા બાદ સંતોષ ન કરીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ મેડલ મેળવવાનું સ્વપ્ન જોઈને પૂરતી મહેનત કરે એ જ સાચો ખેલાડી છે. મેડલ મેળવવાનું સ્વપ્ન જોવું, એ ખેલાડીઓનો હક છે. એ સ્વપ્નને પૂરું કરવા પૂરતી મહેનત કરવી, એ ખેલાડીની જવાબદારી છે અને આ ખેલાડીઓને જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડવી એ રાજ્ય સરકારની જવાબદારી છે. રાજ્ય સરકાર ગુજરાતમાં પ્રતિભાવાન ખેલાડીઓ પણ ઉભા કરશે અને તે ખેલાડીઓ માટે પૂરતા અવસર પણ ઉભા કરશે, તેવી તેમણે ખાતરી આપી હતી.આજે ગુજરાત રમત-ગમત ક્ષેત્રે વેગવંતો વિકાસ કરી રહ્યું છે, ત્યારે ગુજરાતના દરેક ખેલાડીનો લક્ષ્ય હવે માત્ર ઓલમ્પિક જ હોવો જોઈએ, તેમ જણાવી મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારતના અણધાર્યા વિકાસમાં દરેક ક્ષેત્રે ગુજરાત મહત્વનું યોગદાન આપી રહ્યું છે. તેવી જ રીતે, રમત-ગમત ક્ષેત્રે પણ ગુજરાતનું યોગદાન મહત્તમ હોય તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારનો મૂળ લક્ષ્ય છે. આ લક્ષ્યાંકને હાંસલ કરવા માટે ગુજરાત સરકારે ખેલ મહાકુંભ જેવી સ્પર્ધાનું આયોજન કર્યું છે. ખેલ મહાકુંભની છેલ્લી આવૃત્તિમાં ૬૬ લાખથી વધુ ખલાડીઓએ ભાગ લીધો હતો, જે પૈકી વિજેતા બનેલા ખેલાડીઓને કુલ રૂ. ૪૦ કરોડ રકમના રોકડ પુરસ્કારો રાજ્ય સરકારે એનાયત કર્યા હતા.મંત્રીશ્રીએ રાજ્યની રમત-ગમતલક્ષી યોજનાઓ અંગે વાત કરતા કહ્યું હતું કે, આજે ઈન-સ્કૂલ યોજના અંતર્ગત ગુજરાતની ૨૩૦ શાળામાં ૫૦૦ જેટલા ટ્રેઈનરો પાસે કુલ ૧.૨૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ ભણવાની સાથે રમત-ગમતની પ્રોફેશનલ તાલીમ મેળવી રહ્યા છે. સાથે જ, ઙ્ઘન્જીજી અંતર્ગત પણ રાજ્યની ૪૧ જેટલી સ્પોર્ટ્સ સ્કૂલમાં ૫,૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ ૨૧ રમતોમાં તાલીમ મેળવી રહ્યા છે. ઙ્ઘન્જીજીના દરેક વિદ્યાર્થી દીઠ રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧.૬૮ લાખનો ખર્ચ કરવામાં આવે છે. આટલું જ નહિ, સેન્ટર ઓફ એક્સેલેન્સ એકેડમી ખાતે પણ ગુજરાતના મહત્વકાંક્ષી ખેલાડીઓ રાષ્ટ્રીય-અંતરરાષ્ટ્રીય કક્ષાની તાલીમો મેળવી રહ્યા છે. આ ઉપરાંત શક્તિદૂત યોજના હેઠળ પણ રમતવીરોને રાજ્ય સરકાર જરૂરી તમામ આર્થિક સહાય પૂરી પાડી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૪માં ખેલપ્રતિભા પુરસ્કાર યોજના અમલમાં મૂકીને ખેલાડીઓને પ્રોત્સાહિત કરવાનો એક આગવો અભિગમ અપનાવ્યો હતો. આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ થી વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં રાજ્યના ૧,૬૨૭ જેટલા રમતવીરોને કુલ રૂ. ૨૪.૦૭ કરોડથી વધુના રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

આ કાર્યક્રમના પ્રારંભે સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના ડાયરેક્ટર જનરલ શ્રી આર. એસ. નિનામાએ શાબ્દિક સ્વાગત કરીને સૌને આવકાર્યા હતા. જ્યારે, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના સચિવ શ્રી આઈ. આર. વાળા, સંયુક્ત સચિવ શ્રી બી. કે. વસાવા, ઉપસચિવ શ્રી નીલેશ ડામોર તેમજ મોટી સંખ્યામાં રમતવીરો અને તેમના પરિવારજનો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# વિશ્વ હિન્દુ પરિષદના કેન્દ્રીય સંગઠન મહામંત્રી માનનીય શ્રી મિલનજી પરાંડે બે દિવસીય ગુજરાત પ્રવાસ પર છે



વિશ્વ હિન્દુ પરિષદના કેન્દ્રીય સંગઠન મહામંત્રી માનનીય શ્રી મિલનજી પરાંડે બે દિવસીય ગુજરાત પ્રવાસ પર છે, આજે કર્ણાવતી ખાતે પત્રકાર પરિષદને સંબોધી હતી, જેમાં મુખ્યત્વે કુંભમેળા સંદર્ભે તેમજ સરકારી નિયંત્રણ થી મંદિરો ને મુક્ત કરવાં સહિતના સાંપ્રત વિષયને લઈને પત્રકારો સાથે વાત કરી હતી, જેમાં તેઓએ જણાવ્યું કે ૧૩, જાન્યુઆરીથી મહાકુંભનો પ્રારંભ થશે જેમાં ૨૦ કરોડથી પણ વધારે હિન્દુ સમાજ પોતાની જાતિ, વંશ ,મતાંતર ભૂલી ગંગાના સંગમમાં ડૂબકી લગાવી વિશ્વને સમરસતાનો સંદેશ આપશે, વસંત પંચમી તથા મહાશિવરાત્રીના દિવસે ત્રણ કરોડથી પણ વધારે શ્રદ્ધાળુ સ્નાન કરવા આવે તેવી સંભાવના છે, આ માટે તેમને રહેવા જમવાની વ્યવસ્થા ભારત ભરમાંથી સેવાકીય સંસ્થાઓ દ્વારા કરવામાં આવી રહી છે, કુંભ સ્નાન તે હિન્દુ ધાર્મિકતા અધ્યાત્મિકતા નો મોટો પર્વ છે, કુંભ તે હિન્દુ ધર્મનું માર્ગદર્શન એકત્રિકરણ, ઉપાસનાનું મોટું પર્વ છે, વી.એચ.પી અનેક વર્ષોથી કુંભમેળામાં પોતાનું કાર્ય કરી રહ્યું છે, તેમ જ પ. પુ. સંતોના માર્ગદર્શન મંડળની સૂચના મુજબ હિંદુ સમાજલક્ષી કાર્ય અને વ્યવસ્થાઓ કરી રહ્યું છે.

૨૫ જાન્યુઆરી સંતોના કેન્દ્રીય માર્ગદર્શન મંડળની બેઠક કુંભમાં પૂર્ણ થશે, જેમાં હિંદુ સમાજની સાંપ્રત પરિસ્થિતિ, હિન્દુ સમાજ સામે આવી રહેલી ચૂનોતી અને હિન્દુ સમાજને આજની આવશ્યકતા, સંતો અને ધર્મચાર્ય આ વિષય ઉપર ચર્ચા કરશે ,મત-મતાતર, વિશ્વમાં ભોગવાદ ની પરિસ્થિતિ, હિન્દુ પરિવાર તૂટવા ,હિન્દુ યુવાનો ડ્રગ્સ જેવા વ્યસનોના રવાડે ચડી જવા, ગૌહત્યા તેમજ ક્રિશ્નન મશીનરી દ્વારા મતાંતર, તથા ષડયંત્ર પુર્વક રીતે હિન્દુ સમાજને જ્ઞાતિ જાતિ પંથ સંપ્રદાયના નામે તોડવા સંઘર્ષ કરાવો વગેરે વિષયોનું ચિંતન કરવામાં આવશે, આ પરિસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા અખંડિતતા કેવી રીતે બની રહે, તથા હિન્દુ સમાજ ચૂનોતી અને પડકારો સામે કેવી રીતે ઉભો રહેશે, વગેરે વિષય ઉપર ચિંતા થશે આ કુંભમાં હજારો યુવા સંતોનું પણ સંમેલન થશે હજારો સાધ્વીજીઓનું પણ સંમેલન થશે ,વી.એચ.પી દ્વારા દેશના દરેક રાજ્યોમાં સંતોનો પ્રવાસની યોજના બનાવવામાં આવશે કુંભ થયેલી ચર્ચા ફક્ત ચર્ચા ના રહી જતા ઘરે ઘરે સંતો પહોંચી હિંદુ સમાજની સાંપ્રત પરિસ્થિતિની ચર્ચા કરશે ગૌરક્ષા વિષય ઉપર પણ સંમેલન યોજવામાં આવશે ગૌરક્ષા ગૌસંવર્ધન, ગૌઆધારિત ખેતી વિષય ઉપર વિશેષ ચર્ચા અને ચિંતા કરવામાં આવશે?

ભારતમાં ૧૧ કરોડ જનજાતિ સમુદાય ૭૦૦ થી વધારે જનજાતિ છે જેમને વી.એચ.પીના પ્રયાસથી કુંભમાં સ્નાન કરવાનું પ્રારંભ કર્યુ છે. જેમાં પ. પુ. સંતો સાથે નિશ્ચિત દિવસોમાં કુંભસ્નાનની યોજના બનાવવામાં આવશે દક્ષિણ ભારત પૂર્વતર ભારત ,નાગાલેન્ડ, ત્રિપુરા,અરુણાચલ પ્રદેશ ના તથા બૌદ્ધ સંતો પણ કુંભમેળામાં સ્નાન કરવા આવશે તેની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે, તથા વિશ્વના ૩૦ દેશો સહિત ભારતના દરેક રાજ્યમાંથી હજારો વીએચપીના કાર્યકર્તાઓ કુંભ સ્નાન તથા વ્યવસ્થામાં જોડાશે.

તે ઉપરાંત બાંગ્લાદેશની સાંપ્રત પરિસ્થિતિ, અને સ્વામિ ચીનમયાનંદજી ની ધરપકડને વખોડતા મિલિન્દજીએ સ્વામીજી અને ત્યાં વસતા હિંદુઓ ની રક્ષા માટે યુ.એન અને ભારત સરકારને તાત્કાલિક પગલાં ભરવા વિનતિ કરી છે. વધુમાં વાત કરતાં તેમણે જણાવાયું હતું કે દેશા સ્વતંત્ર થયું છે પણ આજના દિવસે પણ હિંદુ મંદિરો સ્વતંત્ર થયા નથી, હિંદુ મંદિરો પર સરકારી નિયંત્રણો હટાવીને મંદિરોને મુક્ત કરવાં માટેની અમે વર્ષોથી માંગણી કરી રહ્યા છે, જેના અનુસંધાને હવે મંદિરો ની સરકારી નિયંત્રણ થી મુક્ત કરાવવા માટેની પ્રથમ મુવમેંટ વિહિપ દ્વારા ૫ જાન્યુઆરી ના રોજ આંધ્રપ્રદેશના વિજયવાડાથી શરૂ કરવાં જઈ રહ્યું છે જેમાં ૧૩ હજાર ગામડાઓમાં થી લખોની સંખ્યામાં હિંદુ સમાજનો સંમેલન મળવા જઈ રહ્યું છે જેમાં દેશ આઝાદ થયા હોવા છતાં પણ હજુ હિન્દુ મંદિર ઉપર સરકારના નિયંત્રણ છે તેને મુક્ત કરવા માટેની ચર્ચા અને આગામી યોજના નક્કી કરવાંમાં આવશે.



ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત જી અને હિન્દૂ હ્દય સમ્રાટ ડો.પ્રવીણભાઈ તોગડીયા જી

# નૈમિષારણ્યમાં ભાગવત કથામાં કૃષ્ણ - સુદામા ચરિત્ર ભજવાયું



નૈમિષારણ્યમાં આચાર્ય શ્રી કલ્પેશભાઈ મહેતાની શ્રીમદ્ ભાગવત કથાના સાતમા દિવસે કૃષ્ણ - સુદામાના દ્વારિકામાં મિલનનો પ્રસંગ કૃષ્ણ, સુદામા અને દ્વારપાળના પાત્રોના સુંદર અભિનય થકી રજૂ કરવામાં આવ્યો.આજે કથા વિરામના સત્રમાં જામવંત અને સંવંતક મણીની કથા અને ભગવાન શ્રીકૃષ્ણે જામવંતી અને સત્યભામા સાથે લગ્ન કર્યા તે પ્રસંગ, ભૌમાસુરે કેદ કરેલ ૧૦૦૦ સ્ત્રીઓને મુક્ત કરી તેમની સાથે પાણી ગ્રહણની કથા, જરાસંઘ અને ભીમના યુધ્ધની કથા, પત્ની સુશીલાના આગ્રહથી કંઈક મદદની આશાએ સુદામા સુદામાપુરીથી દ્વારિકામાં પોતાના બાળ સખા શ્રી કૃષ્ણને મળવા જાય છે અને દ્વારિકામાં મિત્ર રૂણ ચૂકવવા ભગવાન શ્રી કૃષ્ણએ કરેલ લીલા સુંદર અભિનય દ્વારા રજૂ કરવામાં આવી. ૧૨ મા સ્કંધમાં આશ્રય લીલા, યદુ વંશનો વિનાસ, સ્વધામ ગમન પહેલાં ભગવાન શ્રી કૃષ્ણએ ઓધવજીને આપેલ તત્વ જ્ઞાન, માર્કન્ડેય ૠષિના ચરિત્રનું વર્ણન કરવામાં આવ્યું હતું.અંતે સત્તરમા પુરાણ ગરૂડ પુરાણ અને અઢારમા બ્રહ્માંડ પુરાણનું તત્વ ચિંતન સમજાવવામાં આવ્યું હતું.

## વિધાનસભા નાયબ દંડક વ ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાશે ડાંગ જિલ્લા કક્ષાનો ભૂલકા મેળો

આહવા

ડાંગ જિલ્લાના કૃષિ મહાવિદ્યાલયના ઓડિટોરીયમ હોલ વઘઈ ખાતેડાંગ જિલ્લા પંચાયત આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા તા. ૨૯ મી નવેમ્બર, ૨૦૨૪ ના રોજ સવારે ૧૨.૩૦ કલાકે જિલ્લા કક્ષાનો ભૂલકા મેળો યોજાશે.

આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે વિધાનસભા નાયબ દંડક વ ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન, અતિથિ વિશેષ વલસાડ -ડાંગના સાસંદ સભ્ય શ્રી ધવલભાઈ પટેલ, પ્રેરક ઉપસ્થિત મહિલા અને બાળ વિકાસ અને યુવા પ્રવૃત્તિ સમિતિના અધ્યક્ષા શ્રીમતી સારૂબેન વળવી, તેમજ આહવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી સુરેશભાઈ ચૌધરી, વઘઈ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ચંદરભાઈ ગાવિત, સુબીર તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી રવીનાબેન ગાવિત ઉપસ્થિત રહેશે.

બાળકના સર્વાંગી વિકાસ માટે સગર્ભાવસ્થાથી શરૂ કરી બાળપણના મહત્વના શરૂઆતના ૭ વર્ષ દરમિયાન બાળકોને પૂરક પોષણ આહાર, આરોગ્ય, પોષણ, શિક્ષણ તથા ૩ થી ૬ વર્ષના બાળકોને પૂર્વપ્રાથમિક શિક્ષણ કેટલું જરૂરી છે તે અંગે સમજ વાલીઓમાં સમજ કેળવવા માટે આયોજન કરાયું છે. બાળકોના વિકાસ અને વૃદ્ધિ, કૌશલ્યો, ક્ષમતાઓ અને વર્તણૂંક માટે બાળપણ મહત્વનો પાયો છે. નાના બાળકોને જેવા અનુભવ મળે તેની સીધી અસર તેના વ્યક્તિત્વ પર જોવા મળે છે. માટે આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા બાળકોના શારીરિક, બૌદ્ધિક, સામાજિક, ભાવનાત્મક, ભાષાકીય અને સર્જનાત્મક કૌશલ્યનો વિકાસ કરવા માટે ખુબ સરાહનીય પ્રયાસો કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં પણ બાળકોના સુષુપ્ત શક્તિઓને ખિલવવા માટે તથા વાલીઓમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ અંગે જાગૃત કરવા ભૂલકા મેળાનું આયોજન કરાયું છે.





આજ રોજ ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ" ખાતે સંગઠન પર્વ અંતર્ગત પ્રદેશ અધ્યક્ષ,ભાજપા ગુજરાત તેમજ કેન્દ્રીય જળ શક્તિ મંત્રીશ્રી,ભારત સરકાર શ્રી સી.આર.પાટીલજી તેમજ રાષ્ટ્રીય ચુંટણી સમીતીના સદસ્યશ્રી રાજદીપ રોયજીની વિશેષ ઉપસ્થિતિમા બેઠક યોજાઈ હતી. જેમાંધારાસભ્યશ્રીઓ,જીલ્લા-મહાનગરના પ્રમુખશ્રીઓ,મહામંત્રીશ્રીઓ,ચુંટણી સમિતિના ઈન્ચાર્જશ્રીઓ,સંગઠન પર્વના ઈન્ચાર્જશ્રીઓ સહીત પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.જેમાં દિલ્હીથી ભાજપા ગુજરાતના રાજ્યસભા અને લોકસભાના સાંસદશ્રીઓ ઓનલાઈન જોડાયા હતા

## રાજ્યમાં છેલ્લાં પાંચ વર્ષમાં કુટીર-ગ્રામોદ્યોગ ક્ષેત્રે અંદાજે ૮.૭૫ લાખ જેટલી

# નવી રોજગારીનું સર્જન : આગામી સમયમાં ૧૨ લાખ સુધી પહોંચાડવાનું લક્ષ્યાંક : કુટીર ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત



કુટીર ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે રાજ્યકક્ષાના મંત્રી શ્રી જગદીશભાઈ પંચાલ (વિશ્વકર્મા)ની વિશેષ ઉપસ્થિતિમાં આજે ગાંધીનગર ખાતેથી 'નવી કુટીર અને ગ્રામોદ્યોગ નીતિ- ૨૦૨૪'નું વિમોચન- જાહેરાત કરવામાં આવી છે. કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર હંમેશા છેવાડાના સામાન્ય માનવીને કેન્દ્રસ્થાને રાખીને નવી નીતિ બનાવે છે. નવી નીતિમાં સામાન્ય વ્યક્તિને વધુમાં વધુ ફાયદો થાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે.

મંત્રીશ્રી રાજપૂતે નવી કુટીર અને ગ્રામોદ્યોગ નીતિ–૨૦૨૪ની વિગતો આપતા કહ્યું હતું કે, છેલ્લાં પાંચ વર્ષમાં આ ક્ષેત્રે ૮.૭૫ લાખ જેટલી નવી રોજગારીનું સર્જન થયું, જેને આગામી સમયમાં ૧૨ લાખ સુધી પહોંચાડવાનું લક્ષ્યાંક છે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ લોનની મર્યાદા રૂ. ૮ લાખ થી વધારીને રૂ. ૨૫ લાખ અને સબસિડીની મર્યાદા રૂ. ૧.૨૫ લાખ થી વધારીને રૂ. ૩.૭૫ લાખ કરાઈ છે. આ પ્રકારની અનેક યોજનાઓમાં કારીગર ભાઈઓ અને બહેનોને ફાયદો થાય તેની રાજ્ય સરકાર દ્વારા સતત ચિંતા કરવામાં આવે છે.

તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મોટા સાથે નાના ઉદ્યોગોના કારીગરોને ફાયદો થાય તેવી વ્યવસ્થા શરૂ કરી છે. આ વર્ષે અંદાજિત ૧૫૦ જેટલાં મેળાઓ મારફતે કારીગરો દ્વારા ઉત્પાદિત ચીજોના વેચાણમાં વધારો થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રાજ્યમાં સુરતમાં શરૂ કરાયેલ 'યુનિટી મોલ'ની જેમ રાજકોટ અને વડોદરા જેવા વિવિધ શહેરોમાં કારીગરો પોતાની પ્રોડક્ટ્સનું એક જ જગ્યાએથી વેચાણ કરી શકે એવી વ્યવસ્થા કરવામાં આવશે. રાજ્ય સરકાર લુપ્ત થતી કળાઓ માટે રૂ. ૭૦,૦૦૦ની સહાય અને પ્રોટોટાઈપ માટે મહતમ રૂ. ૨૦,૦૦૦ સહાય આપશે. આજે ગુજરાતનું વિકાસ મોડેલ સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ છે, ત્યારે રાજ્યના કારીગરો પાછળ ન રહી જાય તેની મુખ્યમંત્રીશ્રી સતત ચિંતા કરે છે. રાજ્ય સરકાર દ્વારા "વન ડીસ્ટ્રીક્ટ, વન પ્રોડક્ટ" ઉત્પાદન માટે નવા કારીગરોને જોડવાનું, ઈકોમર્સ પ્લેટફોર્મ પર વેચાણ માટે સહાય તથા ઉત્પાદનને વૈશ્વિક બજાર મળી રહે તે માટે પ્રોત્સાહન આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે તેમ, મંત્રી શ્રી રાજપૂતે ઉમેર્યું હતું.

કુટીર અને ગ્રામોદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં છેવાડાના માનવીને રોજગારી મળી રહે તે માટે ગુજરાત સરકારે અનેકવિધ નવા પ્રકલ્પો શરૂ કર્યા છે. રાજ્યનો નાનામાં નાનો વ્યક્તિ પણ પોતાની કલા-કારીગરી બહાર લાવી અને સારી ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ બનાવી તેને રજૂ કરી શકે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્ય સરકાર દ્વારા આ કારીગરોની પ્રોડક્ટ્સને તાલુકા કે જિલ્લા પૂરતી નહીં પરતું આખા રાજ્યમાં તથા દેશ વિદેશમાં વેચાણ કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

મંત્રીશ્રી વિશ્વકર્માએ કહ્યું હતું કે, આ કારીગરોની ઉચ્ચ ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ્સ ઝડપથી અને સહેલાઈથી મળી રહે તે માટે ઓનલાઈન નોંધણી કરવામાં આવે છે. ઓનલાઈન પ્લેટફોર્મ પર પાંચ હજાર કરતા વધારે રજીસ્ટ્રેશન થઈ ચૂક્યા છે તથા હજુ વધુ રજીસ્ટ્રેશન થાય તે માટે સતત પ્રયત્નો થઈ રહ્યા છે. ઓનલાઈન રજીસ્ટ્રેશનથી કારીગરો તેમની પ્રોડક્ટ્સનું ઘરે બેઠા દેશ-વિદેશમાં વેચાણ કરી શકાશે. રાજ્ય સરકારના સહયોગથી દ્રૈંઢ અને NIFT જેવી સંસ્થાઓ દ્વારા કારીગરોને તાલીમ પણ આપવામાં આવે છે, જેથી તેમની પ્રોડક્ટ્સ ઉચ્ચ ગુણવક્તાયુક્ત બનશે અને આ પ્રોડક્ટ્સ ખરીદવા પર ગ્રાહકોનો વિશ્વાસ વધશે. 'લોકલ ફોર વોકલ'ને પ્રોત્સાહન આપવા આવનાર સમયમાં કોર્પોરેટ કંપનીઓને કારીગરો દ્વારા બનવવામાં આવતી વિવિધ પ્રોડક્ટ્સની વિસ્તૃત માહિતી સાથેનું કેટેલોગ બનાવવામાં આવશે, જેથી વધુમાં વધુ પ્રોડક્ટ્સ વહેંચી શકાય જેથી કારીગરોને સારો ફાયદો થઈ શકે તેમ, તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત અને રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા સહિત મહાનુભાવોના હસ્તે વર્ષ ૨૦૨૩ના હાથશાળ-હસ્તકલા ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિવિધ ૧૧ કારીગરોને પુરસ્કાર-રોકડ ઈનામ આપીને સન્માનિત કર્યા હતા. આ ઉપરાંત નવીન પહેલના ભાગરૂપે 'યુનિટી બેન્ડ'નું વિમોચન કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રીશ્રીના 'લોકલ ફોર વોકલ'ના મંત્રને અનુસરીને સુરત ખાતે તૈયાર કરાયેલ પી.એમ. એકતા મોલની વિગતો દર્શાવતી ફિલ્મ રજૂ કરવામાં આવી હતી.

હાથશાળ-હસ્તકલા ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરનાર કારીગરો દ્વારા તૈયાર કરાયેલા વિવિધ ઉત્પાદનોની પ્રદર્શની યોજવામાં આવી હતી, જેની મંત્રીશ્રીઓ સહિત મહાનુભાવોએ મુલાકાત લઈને તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગના સચિવ શ્રી પ્રવીણ કુમાર સોલંકી દ્વારા સ્વાગત તેમજ ઈન્ડેક્ષ-સીના કાર્યવાહક નિયામક શ્રી એન.ડી.પરમાર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ, ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ શ્રી મમતા વર્મા સહિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ હાથશાળ-હસ્તકલા ક્ષેત્રે કામ કરતા કારીગરો ઉપસ્થિત રહ્યા હતા.

# પાટણમાં કોર્ટે દુષ્કર્મના આરોપીને ૨૦ વર્ષની સખ્ત કેદ અને ૧.૭ લાખનો દંડ ફટકાર્યો

પાટણની સ્પેશ્યલ પોક્સો કોર્ટનાં જજ એસ.એમ. ટાકે સગીરાનાં અપહરણ અને દુષ્કર્મનાં વધુ એક કેસમાં જયેશ ઉર્ફે જયલો ધનાભાઈ કાનાભાઈ વાલ્મિકી રે. હાઉસીંગ બોર્ડ, સંખારી ત્રણ રસ્તા પાટણને દોષિત ઠેરવીને મુખ્ય સજા તરીકે ૨૦ વર્ષની સખ્ત કેદ અને કુલે રૂા. ૧.૦૭ લાખનો દંડ અને દંડ ન ભરે તો છ થી ત્રણ માસની વધુ કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો હતો. દંડની રકમ વસુલ આવે તો તેમાંથી રૂા. ૧ લાખનું વળતર દુષ્કર્મ પિડીતાને વળતરરૂપે ચુકવવાનો આદેશ કર્યો હતો ને જો આરોપી વળતર ન ચુકવી શકે તો પાટણ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા વળતર ચુકવવાની ભલામણ કોર્ટે કરી હતી.આ કેસમાં સરકારી વકીલ રાજેન્દ્રભાઈ પી. રાવલે રજુઆતો કરી હતી. પાટણની કોર્ટે આરોપીને આઈપીસી ૩૬૩ અંતર્ગત ૩ વર્ષની સખ્ત કેદ અને રૂા. ૨૦૦૦નો દંડ, આઈપીસી ૩૬૬ માં પાંચ વર્ષની સખ્ત કેદ રૂા. ૫૦૦૦નો દંડ, પોક્સો એક્ટ ૩(એ)-૪માં ૧૦ વર્ષની સખ્ત કેદ અને રૂા. ૫૦૦૦૦નો દંડ તથા પોક્સો એક્ટ ૫(એલ) કલમ-૬ અંતર્ગત ૨૦ વર્ષની સખ્ત કેદ અને રૂા. ૫૦.૦૦૦નો દંડ ફટકાર્યો છે.આ કેસ ની મળતી મુજબ પાટણમાં રહેતા એક પરિવારની ૧૭ વર્ષિય સગીરા તા. ૩-૩-૨૦૨૧નાં રોજ રાત્રે અઢી વાગે કુદરતી હાજતે જવા ઘરમાંથી




નિકળ્યા બાદ તે ઘેર પરત નહિં આવતાં તેની શોધખોળ તેમાં પરિવારે આખા પાટણમાં કરવા છતાં તે નહિં મળતાં તેને આરોપી જયેશ વાલ્મિકી અપહરણ કર્યાની શંકા જતાં પરિવારે જયેશનાં ઘેર જતાં તેનો સમગ્ર પરિવાર ઘરે મળ્યો નહોતો. આથી સગીરાનાં પિતાએ પાટણ બી-ડીવીઝન પોલીસ મથકે અપહરણની ફરિયાદ નોંધાવતાં પોલીસે બંનેની શોધખોળ કરીને એક મહિના બાદ તા. ૧૮-૪-૨૧નાં રોજ સગીરા અને આરોપીનો પત્તો મળ્યો હતો.

પોલીસે સગીરાનું નિવેદન લેતાં આરોપી તેને તા. ૩-૩-૨૧નાં રોજ તેનાં ઘેરથી બાઇક લઈને નિકળી ને બાઇક આરોપીએ તેનાં પિતાને સોંપીને લકઝરીમાં પાલનપુર, ચોટીલા, મહેસાણા, રાજકોટનાં અજાણ્યા ગામમાં રાખી હતી ને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. પોલીસે તેનાં નિવેદનનાં આધારે આરોપી સામે બળાત્કાર અને પોકસો એકટની કલમોનો વધારો કર્યો હતો. જે કેસ પાટણની સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં ચાલી જતાં જજ સુનિલ એમ. ટાંકે બંને પક્ષોની રજુઆતો આરોપીને ઉપરોક્ત સજા ફટકારી હતી.

## અરવલ્લી જીલ્લામાં દૂધ મંડળીઓ ખાતે આઉટરિચ ઓપીડી સેવાઓ દ્વારા બિન ચેપી રોગોનું સ્ક્રિનિંગ હાથ ધરવામાં આવ્યુ

માનનીય જિલ્લા વિકાસ અધિકારી સાહેબશ્રીની સૂચના અને માર્ગદર્શન અન્વયે અરવલ્લી જિલ્લામાં ગામ ખાતે આવેલી દૂધ મંડળીઓ ખાતે જિલ્લાના કોમ્યુનિટી હેલ્થ ઓફિસરો દ્વારા નિયત દિવસ અને સમયે આઉટરીચ સેવાઓ પૂરી પાડવામાં આવશે. આ સેવાઓ અંતર્ગત બિનચેપી રોગો જેવા કે બીપી,ડાયાબિટીસ,હાયપરટેન્શન નું સ્ક્રિનિંગ હાથ ધરવામાં આવશે. આમ અન્ય નાની મોટી બીમારીઓના સ્થળ પર સારવાર તેમજ માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. તથા પીએમજેવાય, આભા કાર્ડ, અતિ જોખમી સગર્ભા માતા, અતિ જોખમી બાળકો, ટીબી દર્દીઓની મુલાકાતો કરી સેવાઓ સુનિશ્ચિત કરવામાં



આવશે, અને સરકારશ્રીની વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો અંગે માહિતગાર કરવામાં આવશે. આરોગ્ય સુખાકારી માટે જીલ્લામાં માહે-ઓક્ટોમ્બર-૨૪ અને નવેમ્બર-૨૪ દરમ્યાન દૂધ મંડળીઓ ખાતે કુલ-૫૭૦ કેમ્પો યોજી કુલ-૧૪૫૧૦ જેટલા ગ્રામજનોને લાભ આપવામાં આવ્યો.

## સરકારી વિનયન કૉલેજ, અમીરગઢના એન.એસ.એસ. વિભાગ દ્વારા થેલેસેમિયા ટેસ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.



આજ રોજ તા. ૨૭/૧૧/૨૦૨૪ ના રોજ સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ ખાતે એન.એસ.એસ. વિભાગ અને ઇંડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય દ્વારા સેમ - ૧ ના વિધ્યાર્થીઓનો થેલેસેમિયા (ટેસ્ટ) તપાસણીનું આયોજન કરવામાં આવેલ હતું. થેલેસેમિયા રોગ ગંભીર વારસાગત લોહીના રક્તકણોની ખામીથી થતો રોગ છે. જેમાં મેજર અને માઈનોર એમ બંને પ્રકાર જોવા મળે છે. વિદ્યાર્થીઓને થેલેસેમિયા અંગે માહિતી આપવામાં આવી. ત્યારબાદ અમદાવાદથી આવેલ ટીમ દ્વારા સેમ ૧ ના ૧૩૫ જેટલાં વિદ્યાર્થી ભાઈ-બહેનોની તપાસ કરવામાં આવી હતી. તેમજ વિદ્યાર્થીઓ માટે ચા-નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. કૉલેજના આચાર્યશ્રીની ઉપસ્થિતિમાં સમાજશાસ્ત્ર વિભાગના ભૂપેન્દ્રભાઈ ચડોખિયા અને સેવકોએ આ કાર્યક્રમમાં સહકાર આપ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કૉલેજના આચાર્યશ્રી ડો. એન. કે. સોનારાના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડો. મહેશ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું

## દહેગામ-કપડવંજ રોડ પર ટ્રેકટર ટ્રોલીની ટક્કરથી ગંભીર ઈજાગ્રસ્ત બાઈક સવારનું ઘટનાસ્થળે મોત

દહેગામ કપડવંજ રોડ પર ટ્રેકટરનાં ચાલકે અચાનક પોતાનું ટ્રેકટર સાઈડમાં કરતા ટ્રોલી બાઈકને અથડાઈ ગઈ હતી. આ અકસ્માત સર્જાતા બાઈક સવારનું માથા મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી ઘટનાસ્થળે મોત નિપજતા દહેગામ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દહેગામના વાસણાની મુવાડી ગામમાં રહેતા ખેડૂત અરવિંદસિંહ કોદરસિંહ રાઠોડના ચાર સંતાનો પૈકી ૨૪ વર્ષીય પુત્ર કિશનનાં લગ્ન અંતોલી ગામે રહેતા લક્ષ્મણજીની દિકરી કાળીબેન સાથે થયા છે. અને તેને સંતાનમાં બે વર્ષની દિકરી છે. કિશન નરોડા જી.આઈ.ડી.સી.માં આવેલ રીલાયન્સ કંપની માં છેલ્લા આશરે પાંચેક વર્ષથી નોકરી કરતો હતો.

ગઈકાલે સવારે રાબેતા




મુજબ કિશન બાઈક લઈને નોકરીએ જવા નિકળ્યો હતો. જેનાં એકાદ કલાક પછી કુંટુંબી ભરતસિંહ રાઠોડે ફોન કરીને અરવિંદસિંહને કહેલ કિશનને દહેગામ-કપડવંજ રોડ ઉપર આવેલ રાજસ્થાન ઈંગ્લીશ મીડીયમ સ્કુલ નજીક અકસ્માત થયેલ છે. જેને ૧૦૮ માં સરકારી દવાખાને લઈ જઈએ છીએ. આ જાણીને કિશનસિંહ તાત્કાલિક હોસ્પિટલ પહોંચી ગયા હતા.

જ્યાં દીકરાની લાશ જોઈને ફસડાઈ પડ્યા હતા. અને પરિવારના આક્રંદ મચી ગયો હતો. આ બનાવ અંગે તેમણે પૂછતાંછ કરતાં જાણવા મળ્યું હતું કે, કિશન બાઈક લઈને ઉપરોક્ત રોડ પરથી પસાર થઇ રહ્યો હતો. એ વખતે આગળ જતાં ટ્રેકટર ટ્રોલીનાં ચાલકે અચાનક ટ્રેકટરને રોડની સાઈડમાં કર્યું હતું. જેનાં કારણે ટ્રોલી બાઈક સાથે અથડાઈ જતાં કિશનને ગંભીર ઈજાઓ થઈ હતી. આ અંગે દહેગામ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## રાજ્યની કાયદો વ્યવસ્થાની સ્થિતિ અને પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન બાબતે ચર્ચા થવાની શક્યતા

ગાંધીનગકરમાં આજે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક મળી છે. જેમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન, રાજ્યની કાયદો વ્યવસ્થાની સ્થિતિ સહિતના મુદ્દે ચર્ચા થઈ શકે છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટ બેઠકમાં મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં રાજયના કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ડીસેમ્બરમાં યોજાનારા કૃષિ મહોત્સવ અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.ગત સપ્તાહે સોમનાથ ખાતે યોજાયેલી ચિંતન શિબિરમાં મુખ્ય મુદ્દો પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા અંતર્ગત હતો. આ મુદ્દાની અધ્યક્ષતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે કરી હતી. ચિંતન શિબિર દરમિયાન અલગ અલગ અધિકારીઓ તથા મંત્રીઓએ આપેલા પોતાના સુચન અંગેનું પ્રેઝન્ટેશન અથવા મુદ્દાસર ચર્ચા કૃષિ મંત્રી રાઘવજી પટેલ કેબિનેટ બેઠક દરમિયાન કરી શકે છે. આ ચર્ચા બાદ રાજ્ય સરકાર પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે કોઈ નવી યોજના અથવા તો પોલિસી માટે વિચારણા કરી શકે છે.

ચિંતન શિબિર દરમિયાન ગ્રામ્ય વિસ્તારમાં રોજગારી વધારવા માટેના સ્ત્રોત અંતર્ગત પણ ચર્ચા કરવામાં આવી હતી ત્યારે આ બેઠક બાદ આજ રોજ ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપુત લઘુ તથા કુટિર ઉદ્યોગોને પ્રોત્સાહન આપતી પોલિસીનું પણ લોકાર્પણ કરશે.

ગાંધીનગરમાં કેબિનેટ બેઠક મળી હતી. તો બીજી તરફ આજે કમલમ ખાતે સદસ્યતા અભિયાન અંગે એક દિવસીય વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભાજપના તમામ સાંસદો અને ધારાસભ્યો ઉપસ્થિત રહેશે. સંગઠન પર્વ અંતર્ગત મંડલ (વોર્ડ) પ્રમુખની નિયુક્તિ અંગે અને અત્યાર સુધી સંગઠન પર્વની થયેલી કામગીરી અંગે પણ ચર્ચા કરાશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.